73355/18
~~73355~~/18
933471/26

ક્રીમીનલ પ્રોસીજર કોડ ક. ૨૫૮ અન્વયેનો હુકમ

સદરહુ કેસનું રેકર્ડ વંચાણમાં લેવામાં આવેલ છે. આરોપી સામેનો હાલનો આ કેસ ઘણો જ જુનો છે. આરોપીને ઘણા લાંબા સમયથી કોર્ટ સમક્ષ લાવી શકાયેલ નથી. આરોપીને કોર્ટ સમક્ષ લાવવા માટેના યોગ્ય પ્રયત્નો થયેલ હોવાનું જણાઇ આવે છે તેમજ વારં વાર સમન્સ વગર બજે પરત આવેલ હોય આરોપી વિરુદ્ધનો ગુનો તેનો પ્રકાર મહત્મ સજાની જોગવાઈ વીગેરે ધ્યાનમાં લેતાં આરોપી વીરુધ્ધનો સદરહુ કેસ વધુ સમય આગળ ચલાવવો નાણા અને સમયના વ્યય સમાન છે. જેથી મૃત સ્થિતીમાં હોય તેવા જુના વર્ગીકરણ કરી કેસને ક્રિમીનલ પ્રોસીજર કલમ ૨૫૮ ની જોગવાઈઓ ધ્યાને રાખી સદરહુ કેસ આગળ ચલાવવા માટેના કોઈ યોગ્ય અને ઉચીત કારણો જણાઈ આવતા નથી.

ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા સદરહુ કેસ **DEAD WOOD CASE** ની કેટેગરીમાં આવે છે, જેથી તેવા કેસને આગળ ચલાવવાથી કોઈ અર્થ સરે તેમ નથી. જયારે તેવા કેસ ક્રિમીનલ પ્રોસીજર કલમ ૨૫૮ અન્વયે બંધ કરવાની કોઈપણ વ્યકતી કે સરકાર પક્ષને પણ કોઈ જ પ્રેજ્યુડાઈઝ થવાની કોઈ જ શક્યતા નથી અને તેથી સદરહુ કેસ ક્રિમીનલ પ્રોસીજર કલમ ૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય પુરો થયે મુદ્દામાલની માલીકીની ખરાઈ કરી તેના માલીકને પરત કરવો / મુદ્દામાલની નાશ કરવો / મુદ્દામાલ બાબતે ઈન્કવાયરી કરવી / મુદ્દામાલ સંબંધે અગાઉ થયેલ હુકમ કાયમ કરવામાં આવે છે / મુદ્દામાલ સરકાર ખાલસા કરવો.

હુકમ આજરોજ તા. ૯/૩/૨૫ ના રોજ જાહેર કર્યો.

Date:: ૯/૩/૨૦૨૫

J. B. Ghasura
Additional Chief Metropolitan Magistrate,
Ahmedabad. (Court no.5)